# સુવાર્તાની

## વાર્તા પુસ્તક

## બે





આ મારી સુવાર્તાની વાર્તા પુસ્તક બે છે

મારું નામ છે

________________________________

હું મારી સુવાર્તાની વાર્તા પુસ્તક બે
વાંચી શકું છું

આ વાર્તાઓ સર્જનહાર ઈશ્વરના પવિત્ર પુસ્તકમાંથી છે

આ પુસ્તકના બધા ચિત્રો ભારતના આદિવાસી બાળકોએ બનાવેલા છે.

સુવાર્તાની વાર્તા પુસ્તક બે. કૉપીરાઇટ 2018. ભારતમાં મુદ્રિત. વધુ માહિતી માટે સંપર્ક કરો: WBTC India, P.O. Box 8478, Bangalore 560084. Email: info@wbtcindia.com





એક મોટું, મોટું, મોટું વાવાઝોડું.......2-15
એક વિશેષ ભેટ.............................16-32

# એક મોટું, મોટું, મોટું વાવાઝોડું


આપણા પૂર્વજોના સમયમાં...

હું ઘણા લોકોને જોઈ શકું છું.

ઘણા લોકો સર્જનહાર ઈશ્વરને
ઓળખતા નથી.







હું એક માણસને જોઈ શકું છું.

તેનું નામ નૂહ છે.

નૂહ સર્જનહાર ઈશ્વર
માટે ગાઈ રહ્યો છે.

હું સર્જનહાર ઈશ્વરને કહેતા સાંભળી શકું છું,

‘નૂહ એક મોટી, મોટી, મોટી હોડી બનાવ.

જલદી કર, એક મોટું વાવાઝોડું
આવી રહ્યું છું.







હું તને, તારા પરિવારને અને
બધા પ્રાણીઓને બચાવી લઈશ.

જલદી કર, એક મોટું વાવાઝોડું આવી રહ્યું છું.’

હું નૂહને બનાવતા...બનાવતા...
બનાવતા જોઈ શકું છું.

જલદી કર, એક મોટું
વાવાઝોડું આવી રહ્યું છું.








હું સર્જનહાર ઈશ્વરને કહેતા સાંભળી શકું છું, ‘નૂહ, તું, તારો પરિવાર અને બધા પ્રાણીઓ મોટી, મોટી, મોટી હોડીમાં જાઓ.

જલદી કર, એક મોટું
વાવાઝોડું આવી રહ્યું છું.’



હું નૂહ, તેનું પરિવાર અને બધા
પ્રાણીઓને મોટી, મોટી, મોટી
હોડીમાં જતા જોઈ શકું છું.






પણી ઉપર...ઉપર...ઉપર...
આવી રહ્યું છે.

જમીન પર પૂર...પૂર...પૂર
આવી રહ્યું છે.

મોટી, મોટી, મોટી હોડીની
અંદર નૂહ, તેનું પરિવાર અને
બધા પ્રાણીઓ આરામ... આરામ...
આરામ કરી રહ્યા છે.








મોટું વાવાઝોડું થંભી...
થંભી...થંભી રહ્યું છે.

પાણી નીચે...નીચે...નીચે
ઊતરી રહ્યું છે.




હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘નૂહ, તું, તારો પરિવાર અને બધા
પ્રાણીઓ મોટી, મોટી, મોટી હોડીમાંથી
બહાર આવો.’








હું નૂહ, તેનું પરિવાર અને
બધા પ્રાણીઓને મોટી, મોટી, મોટી
હોડીમાંથી બ હાર આવતા
જોઈ શકું છું.

હું એક રંગીન પટ્ટો આકાશમાં
ચમકતો...ચમકતો...ચમકતો
જોઈ શકું છું.







હું સર્જનહાર ઈશ્વરને કહેતા સાંભળી
શકું છું, ‘હું તમને બચાવી લઈશ.

તમે મને શોધી લેશો.’

સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે.

# એક વિશેષ ભેટ

ઘણા વર્ષો વીતી ગયા...

હું એક માણસને જોઈ શકું છું.

તેનું નામ ઇબ્રાહિમ છે.







હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘ઇબ્રાહિમ, તારા બાળકો દ્વારા,
હું ઘણા લોકોને
બચાવી લઈશ.’

હું જોઈ શકું છું ઇબ્રાહિમની એક પત્ની છે.

તેનું નામ સારા છે.

ઇબ્રાહિમ અને સારાને
કોઈ બાળકો નહોતા.







હું ઇબ્રાહિમને કહેતા સાંભળી શકું છું,

‘સર્જનહાર ઈશ્વર કશું
પણ કરી શકે છે.’


સારા ભૂલી રહી છે...

ભૂલી રહી છે...ભૂલી રહી છે.

ઇબ્રાહિમ કહી રહ્યો છે,

‘સર્જનહાર ઈશ્વર કશું

પણ કરી શકે છે.’







ઘણા વર્ષો વીતી ગયા.

સર્જનહાર ઈશ્વર કશું

પણ કરી શકે છે.

હું ઇબ્રાહિમ અને તેની પત્ની સારાને જોઈ શકું છું.

તેમનો એક દીકરો છે.

તેનું નામ ઇસહાક છે.

ઇબ્રાહિમ, સારા અને ઇસહાક ગાઈ રહ્યા છે...ગાઈ રહ્યા છે...ગાઈ રહ્યા છે.








હું સર્જનહાર ઈશ્વરને કહેતા સાંભળી શકું છું,


‘ઇબ્રાહિમ, તું તારા દીકરા ઇસહાકની બલિ મને ચઢાવી દે.’

ઇબ્રાહિમ તેના દીકરા ઇસહાકને પ્રેમ કરતો હતો.

ઇસહાક તેના પિતા ઇબ્રાહિમને પ્રેમ કરતો હતો.







એક સાથે તેઓ પહાડ પર
ચઢી...ચઢી...ચઢી રહ્યા છે.

હું ઇસહાકને કહેતા સાંભળી શકું છું,

‘પિતાજી, સર્જનહાર ઈશ્વર
માટે બલિ ચઢાવવા
હલવાન ક્યાં છે?’







હું ઇબ્રાહિમને કહેતા સાંભળી શકું છું,

‘બલિ માટે સર્જનહાર ઈશ્વર
હલવાન આપશે.’

ઇબ્રાહિમ કહી રહ્યો છે,

‘સર્જનહાર ઈશ્વર કશું
પણ કરી શકે છે.’









હું ઇસહાકને વેદી પર
ચઢતા જોઈ શકું છું.

હું ઇબ્રાહિમને તેનો છરો
ઉઠાવતા જોઈ શકું છું.



ઇબ્રાહિમ કહી રહ્યો છે,

‘સર્જનહાર ઈશ્વર કશું
પણ કરી શકે છે.’







હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘ઇબ્રાહિમ, થોભી જા!

હું ઇચ્છું છું કે ઇસહાક જીવે!

હું જે હલવાન આપું
તેની બલિ ચઢાવ.’

હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘ઇબ્રાહિમ, તારા બાળકો દ્વારા,
હું ઘણા લોકોને બચાવી લઈશ.’

સર્જનહાર ઈશ્વર
આવી રહ્યા છે.

